# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 31-01-2025** **Evening : 7.10 to 7.20**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1) કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણે લોકસભામાં આર્થિક સર્વેક્ષણ રજૂ કર્યુંઃ નાણાકીય વર્ષ 2025માં દેશની જીડીપીમાં 6.4 ટકાના દરે વૃદ્ધિનું અનુમાન

2) રાજ્યમાં રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ અંતર્ગત વિવિધ ગુના બદલ બે લાખથી વધુ કેસ નોંધાયા-બે કરોડ રૂપિયાનો દંડ વસૂલાયો.

3) ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી-GujRERAમાં નોંધાયેલા પ્રમોટર્સ માટે 31 માર્ચ સુધી વાર્ષિક ઓડિટ રિપોર્ટ ભરવાની છેલ્લી તક.

4) ગાંધીનગર ખાતે બે દિવસ ચાલેલા રાષ્ટ્રીય કક્ષાના ગુડ ગવર્નન્સ સેમિનારનું સમાપન.

5) બેથી ચાર ફેબ્રુઆરી દરમિયાન કેટલાંક જિલ્લામાં વરસાદની સંભાવનાને જોતાં ખેડૂતોને તકેદારીના પગલાં લેવા ખેતી નિયામકની કચેરી દ્વારા અનુરોધ.

---------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 31-01-2025** **Evening : 7.10 to 7.20**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1) કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણે લોકસભામાં આર્થિક સર્વેક્ષણ રજૂ કર્યું: નાણાકીય વર્ષ 2025માં દેશની જીડીપીમાં 6.4 ટકાના દરે વૃદ્ધિનું અનુમાન

2) રાજ્યમાં રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ અંતર્ગત વિવિધ ગુના બદલ બે લાખથી વધુ કેસ નોંધાયા-બે કરોડ રૂપિયાથી વધુનો દંડ વસૂલાયો.

3) ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી-GujRERAમાં નોંધાયેલા પ્રમોટર્સ માટે 31 માર્ચ સુધી વાર્ષિક ઓડિટ રિપોર્ટ ભરવાની છેલ્લી તક.

4) ગાંધીનગર ખાતે બે દિવસ ચાલેલા રાષ્ટ્રીય કક્ષાના ગુડ ગવર્નન્સ સેમિનારનું સમાપન.

5) બેથી ચાર ફેબ્રુઆરી દરમિયાન કેટલાંક જિલ્લામાં વરસાદની સંભાવનાને જોતાં ખેડૂતોને તકેદારીના પગલાં લેવા ખેતી નિયામકની કચેરી દ્વારા અનુરોધ.

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# ECONOMIC SURVEY

કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સિતારમણ આવતીકાલે સવારે અગિયાર વાગે લોકસભામાં નાણાકીય વર્ષ 2025-26નું અંદાજપત્ર રજૂ કરશે. 2024માં ભાજપનાં અગેવાની હેઠળની બીજી સરકારમાં આ બીજું અંદાજપત્ર છે.

દરમિયાન સુશ્રી સિતારમણે આજે સંસદના બંને ગૃહોમાં આર્થિક સર્વેક્ષણમાં રજૂ કર્યું હતું જે મુજબ નાણાકીય વર્ષ 2025માં ભારતના વાસ્તવિક કુલ ઘરેલુ ઉત્પાદન-GDPમાં 6.4 ટકાના દરે વૃદ્ધિ થવાનું અનુમાન છે અને નાણાકીય વર્ષ 2026માં આ વૃદ્ધિ 6.3 થી 6.8 ટકા વચ્ચે રહેવાની શક્યતા છે. આર્થિક સર્વેક્ષણમાં ભાર મૂકવામાં આવ્યો છે કે ઘરેલુ અર્થવ્યવસ્થાનો પાયો મજબૂત થયો છે. જેમાં સંતુલિત રાજકોષીય એકત્રીકરણ અને સ્થિર ખાનગી વપરાશનો સમાવેશ થાય છે.

સર્વેમાં જણાવાયું છે શાકભાજીના ભાવમાં મોસમી ઘટાડો અને ખરીફ પાકના આગમન સાથે નાણાકીય વર્ષ 2025ના ચોથા ક્વાર્ટરમાં ખાદ્ય ફુગાવો ઓછો થવાની સંભાવના છે. રોજગાર અંગે જણાવાયું છે કે 15 વર્ષ અને તેથી વધુ ઉંમરની વ્યક્તિઓ માટે બેરોજગારી દર વર્ષ 2017-18માં 6 ટકાથી ઘટીને 2023-24માં 3.2 ટકા થયો છે.

. . . . . . . . . . . . .

# Pre Budget

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ આવતીકાલે અંદાજપત્ર રજૂ કરશે. ગુજરાતના વેપાર ઉદ્યોગો બજેટમાં પોતાનાં સેક્ટર માટે સાનૂકૂળ જાહેરાતોની અપેક્ષા રાખે છે.

અમદાવાદના ટિમ્બર મર્ચન્ટ એસોસીયેશનનાં પ્રમુખ ચિંતન શેઠે આશા વ્યક્ત કરી હતી કે, ફર્નિચરનાં ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થાય તો ટિમ્બર ઉદ્યોગને મોટો લાભ થશે.

તેમણે બજેટ પર પોતાની અપેક્ષા વ્યક્ત કરતા આ મુજબ જણાવ્યુ..

**(BYTE -- CHINTAN SHETH )**

ફેડરેશન ઓફ ઇન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી FICCI ગુજરાતની મેન્યુફેક્ચરિંગ ટાસ્કફોર્સના ચેરમેન સચિન પટેલે જણાવ્યું કે, બજેટમાં સુક્ષ્મ અને લઘુ એકમોની જેમ મધ્યમ અને મોટાં ઉદ્યોગોને પણ 45 દિવસનાં પેમેન્ટની જોગવાઈ કરવી જોઇએ. બજેટ અંગે તેમણે પોતાની અપેક્ષા વ્યક્ત કરતા આ મુજબ જણાવ્યુ.

**(BYTE -- Sachin Patel)**

. . . . . . . . . . . . .

# MAARG SALAMATI MAAS-2025

રાજ્યમાં પહેલી જાન્યુઆરીથી 31 જાન્યુઆરી સુધી 'રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ-૨૦૨૫'ની ઉજવણી દરમ્યાન ટ્રાફિક નિયમોના વિવિધ ઉલ્લંઘન બદલ બે લાખથી વધુ ગુનાઓ નોંધાયા તેમજ 2 કરોડ રૂપિયાથી વધુનો દંડ ફટકારાયો.

લોકોમાં માર્ગ સલામતી અંગે જાગૃતિ ફેલાવવા યોજાયેલી ઝુંબેશ અંતર્ગત સીટ બેલ્ટ ન બાંધવાના, હેલ્મેટ ન પહેરવા પર, તેમજ ઓવર સ્પીડીંગ સહિતનાં મળીને કુલ એક લાખ 56 હજારથી વધુ કેસ ઉપરાંત અનધિકૃત રીતે માર્ગ ઉપર વાહન પાર્કિંગ સંદર્ભે ૪૪ હજારથી વધુ કેસ નોંધાયા.

માર્ગ અકસ્માત નિવારવા 74 હજારથી વધુ વાહનો પર રીફ્લેક્ટર લગાડવામાં આવ્યા. 97 હજારથી વધુ નાગરીકોને ટ્રાફિક અંગે શિક્ષણ આપતી પત્રિકાઓ આપવામાં આવી. અનધિકૃત રીતે માર્ગ ઉપર વાહન પાર્કિંગ સંદર્ભે 44 હજારથી વધુ કેસો નોંધી વાહનચાલકોને બે કરોડ રૂપિયાથી વધુ રકમનો દંડ કરાયો. આ ઉપરાંત શાળા-કોલેજોમાં ટ્રાફિક અંગેની જાગૃતતા માટે 677 જેટલા કાર્યક્રમો યોજી એક લાખ 20 હજારથી વધુ વિદ્યાર્થીઓને ટ્રાફિકની સમજ અપાઈ.

. . . . . . . . . . . . .

# Chief Secretary

ગુજરાતના મુખ્ય સચિવ તરીકે નિયુક્ત થયેલા વરિષ્ઠ સનદી અધિકારી પંકજ જોષીએ આજે ગાંધીનગર ખાતે પદભાર સંભાળ્યો હતો. રાજ્યના મુખ્ય સચિવ રાજકુમાર વય નિવૃત્ત પંકજ જોષીએ ચાર્જ સંભાળ્યો હતો.

શ્રી રાજકુમારને રાજ્યના વરિષ્ઠ સનદી અધિકારીઓ તેમજ અધિકારીઓએ ભાવભરી વિદાય આપી હતી.

શ્રી જોષીએ ગાંધીનગરમાં પત્રકારોને જણાવ્યું કે, ઇઝ ઓફ ડુઈંગ બિઝનેસ, એફડીઆઇ રોકાણ સહિત અનેક ઔદ્યોગિક ક્ષેત્રે ગુજરાત અગ્રેસર રહ્યું છે. છેલ્લા અઢી દાયકામાં ગુજરાતનો નોંધપાત્ર વિકાસ થયો છે અને આવનારા સમયમાં પણ ગુજરાતનો વિકાસ વધુ ઝડપથી થાય તે અમારી પ્રથમ પ્રાથમિકતા રહેશે.

મૂળ ઉત્તરપ્રદેશના વતની શ્રી જોષી વર્ષ ૧૯૮૯માં ગુજરાત કેડરમાં ભારતીય સનદી અધિકારી તરીકે જોડાયા હતા. તેમણે મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ તરીકે અને હવે ગુજરાતના મુખ્ય સચિવ તરીકે જવાબદારી સંભાળી છે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

......................................

# RERA

ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી-Guj RERA સાથે જેનાં પ્રોજેક્ટ્સ નોંધાયેલા છે તેવા પ્રમોટર્સ માટે રજીસ્ટર્ડ પ્રોજેક્ટ્સ માટે રેરા એક્ટ હેઠળ ફોર્મ-5 એટલે કે વાર્ષિક ઓડિટ રિપોર્ટ ભરવા વન ટાઇમ સેટલમેન્ટ સ્કીમ જાહેર કરાઇ છે.

ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટીની યાદીમાં જણાવ્યું કે, ફોર્મ-5 ભરવામાં કસૂર કરનારા પ્રમોટર્સને વધારાની એક છેલ્લી તક મળે તે માટે 31 માર્ચ સુધી ઓર્ડર નંબર 102થી નિયત થયેલી જોગવાઇ મુજબ આ સુવિધા આપવામાં આવી છે. આ જોગવાઇઓ અને સમયમર્યાદાનું પાલન નહીં કરે તેવા પ્રમોટર્સ રેરા એક્ટર હેઠળ કાયદાકીય કાર્યવાહીને પાત્ર રહેશે.

. . . . . . . . . . . . .

# Ragavji Patel

કૃષિમંત્રી રાઘવજી પટેલે હાપા માર્કેટિંગ યાર્ડ ખાતે મગફળી ખરીદ કેન્દ્રની મુલાકાત લઇ ખેડૂતો સાથે સંવાદ કર્યો હતો. શ્રી પટેલે જણાવ્યું કે, હાપા માર્કેટિંગ યાર્ડ ખાતે અત્યાર સુધી પાંચ હજારથી વધુ ખેડૂતો પાસેથી મગફળી ખરીદવામાં આવી છે અને બાકી રહેલા ખેડૂતોની મગફળીની ખરીદીની કામગીરી ચાલુ છે.

શ્રી પટેલે જણાવ્યું કે, એક ખાતેદાર ખેડૂત પાસેથી સરકાર ૨૦૦ મણ મગફળી ખરીદે છે અને બજાર ભાવ કરતા પ્રતિ મણ ૩૦૦થી ૩૫૦ રૂપિયા વધુ આપતા હોવાથી ખેડૂતો ખુશ છે.

. . . . . . . . . . . . .

# GOOD GOVERNENCE SEMINAAR-SAMAAPAN SAMAAROH

ગાંધીનગર ખાતે બે દિવસ ચાલેલા રાષ્ટ્રીય કક્ષાના ગુડ ગવર્નન્સ અંગેના સેમિનારના સમાપન સમારોહમાં રાજ્યના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના અગ્ર સચિવ મોના ખંધારે જણાવ્યું કે ગુડ ગવર્નન્સ અને ટેકનોલોજીના સંયોગથી સમયમર્યાદામાં કામ થાય છે. તેમણે ઉમેર્યું કે ટેકનોલોજી અને ટીમ વર્ક દ્વારા કર્મચારીઓને પ્રોત્સાહન મળે છે પરિણામે ઈ ગવર્નન્સ પરિણામ લક્ષી બન્યું છે.

બે દિવસના આ સત્ર દરમ્યાન ઉચ્ચ આધિકારીઓ દ્વારા ગુડ ગવર્નન્સ અને ઈ-ગવર્નન્સ ઉપર ચર્ચા વિચારણાઓ કરવામાં આવી તેમજ ટેક્નોલોજીના માધ્યમથી નાગરિકોને ઉચ્ચ સુવિધાઓ મળી રહે તે અંગે દિશા નિર્દેશ કરવામાં આવ્યા.

સત્ર દરમ્યાન ભારત સરકારના વિવિધ મંત્રાલય તરફથી મેગા પ્રોજેક્ટસનું નિર્દેશન કરવામાં આવ્યું હતું. આ સત્રમાં 20થી વધુ રાજ્યના સાયન્સ એન્ડ ટેકનોલોજીના અધિકારીઓ હજાર રહ્યા હતા.

. . . . . . . . . . . . .

# HAVAAMAAN

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી સાત દિવસ રાજ્યમાં હવામાન શુષ્ક રહેશે, લઘુતમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થશે નહિ. રાજ્યની આસપાસના વાતાવરણમાં બે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ઉદ્દભવ્યા છે, પરંતુ તેની અસર રાજ્યના હવામાન ઉપર નહીં થાય

વધુ માહિતી આપી રહ્યા છે હવામાન વિભાગના ડાયરેક્ટર એ. કે. દાસ.....

**(બાઇટ – એ કે દાસ, ડાયરેક્ટર, હવામાન વિભાગ)**

. . . . . . . . . . . . .

# KHETI NIYAAMAK KACHERI-ARVALLI

હવામાન વિભાગે આગામી બીજીથી ચોથી ફેબ્રુઆરી દરમિયાન રાજ્યના વલસાડ, નવસારી, અમરેલી, ભાવનગર, અરવલ્લી, દાહોદ અને મહિસાગર જિલ્લામાં છૂટા-છવાયા સ્થળોએ હળવા વરસાદની આગાહી કરી છે. આવા સમયમાં રાજ્યના ખેડૂતોનો પાક સુરક્ષિત રહે તે માટે યોગ્ય તકેદારીના પગલાં લેવા ખેડૂતોને ખેતી નિયામકની કચેરી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. આ અંગે સાંભળીએ અરવલ્લી જિલ્લાના અમારા પ્રતીનિધિનો અહેવાલ.....

(વોઇસ કાસ્ટ - અંકિત ચૌહાણ, PTC અરવલ્લી )

. . . . . . . . . . . . .

# SMC Police Station

ગાંધીનગર પોલીસ ભવન ખાતે સ્ટેટ મોનીટરીંગ સેલનાં પોલીસ સ્ટેશનનું આજે રાજ્યના પોલિસ મહાનિદેશક વિકાસ સહાય દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું. SMC પોલીસ સ્ટેશનમાં ગુજસીટોકનો પ્રથમ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. દારૂના વેચાણ માટે ખોટી નંબર પ્લેટ, ખોટા એન્જીન નંબર અને ડોક્યુમેન્ટ બનાવતા 10 લોકો સામે ફરિયાદ નોંધવામાં આવી હતી

. . . . . . . . . . . . .

# Valsad Election

ફેબ્રુઆરીમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે વલસાડ ચૂંટણી સમિતિની બેઠક બાદ વલસાડ, ધરમપુર અને પારડી નગરપાલિકા માટે ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવી છે.

ભાજપના ઉમેદવાર સામે ભાજપનાં જ સભ્ય ઉમેદવારી નોંધાવશે તો પક્ષ તેમના વિરુદ્ધ કાર્યવાહી કરશે એમ ભાજપના સૂત્રોએ જણાવ્યું છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, કેટલાક નારાજ કાર્યકરો અપક્ષ તરીકે ચૂંટણી લડવાનું વિચારી રહ્યા છે. આ ઉપરાંત, ભાજપે ઉમરગામ અને કપરાડા તાલુકા પંચાયતોની ખાલી બેઠકોની પેટા ચૂંટણી માટે પણ ઉમેદવારોની પસંદગી કરી લીધી છે. આ નિર્ણયથી સ્થાનિક રાજકારણમાં નવા સમીકરણો સર્જાવાની શક્યતા છે. વલસાડ નગર પાલિકામાંથી 10 કાઉન્સિલરોને રિપીટ કરવામાં આવ્યા છે.

. . . . . . . . . . . . .